www.jigarpublicity.com
Industrial Directory Publisher
Jhgadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
Jigar Publicity
jigarpublicity@gmail.com |+91 9998980519



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 15 ISSUE : 13 DATE: 01-10-2023 PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: L1/BCH/126/2021-23


# ONGC OPaLમાં રૂપિયા ૧૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે, કંપની ઉપર નિયંત્રણ મેળવશે

સરકારી માલિકીની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ (ONGC ) નાણાકીય પુનર્ગઠન પ્રક્રિયાના ભાગ રૂપે OPaLમાં આશરે રૂપિયા ૧૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે. જેમાં ગેસ યુટિલિટી ગેઈલ (GAIL )ને પેટ્રોકેમિકલ્સ ફર્મમાંથી બહાર કાઢવામાં આવશે.

ONGC હાલમાં ONGC પેટ્રો-એડિશન્સ લિમિટેડમાં ૪૯.૩૬% હિસ્સો ધરાવે છે, જે ગુજરાતના દહેજ ખાતે મેગા પેટ્રોકેમિકલ પ્લાન્ટનું સંચાલન કરે છે. ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડ પાસે ૪૯.૨૧% હિસ્સો છે અને બાકીનું ૧.૪૩% ગુજરાત સ્ટેટ પેટ્રોકેમિકલ કોર્પોરેશન ધરાવે છે.

ONGC બોર્ડે આ મહિનાની શરૂઆતમાં પેટ્રોકેમિકલ કંપનીના નાણાકીય પુનર્ગઠનને મંજૂરી આપી હતી, જે તેના ઊંચા દેવાને કારણે ખોટ સહન કરી રહી હતી.

ONGC શેર વોરંટને ઈક્વિટી, બાય-બેક ડિબેન્ચરમાં રૂપાંતરિત કરશે અને રૂપિયા ૭,૦૦૦ કરોડની વધારાની ઈક્વિટી ભેળવશે, તેને લગભગ ૯૫% હિસ્સો આપશે, કંપનીએ સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું.

મંજૂર કરાયેલ દરખાસ્તમાં OPaL દ્વારા જારી કરાયેલા અને ONGC દ્વારા રૂપિયા ૦.૨૫ પ્રતિ વોરંટના દરે રૂપિયા ૮૬.૨૮૧ કરોડના છેલ્લા કોલ મનીની ચુકવણી પર ઈક્વિટી શેરમાં સબસ્ક્રાઈબ કરાયેલા શેર વોરંટનું રૂપાંતર સામેલ છે.

વધુમાં, ONGC રૂપિયા ૭,૭૭૮ કરોડના કમ્પલસરીલી કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (CCD)ની ખરીદી કરશે. ONGC ના સમર્થન સાથે OPaL દ્વારા જારી કરાયેલ CCDs હાલમાં નાણાકીય સંસ્થાઓ પાસે રાખવામાં આવે છે.

OPaL ને ૧૫ નવેમ્બર, ૨૦૦૬ ના રોજ હજીરા ખાતે ONGC દ્વારા ઉત્પાદિત નેપ્થા તેમજ દહેજમાં આયાત કરાયેલ સમૃદ્ધ-ગેસનો ઉપયોગ કરવા માટે એક મેગા, ગ્રાસરૂટ પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ તરીકે સામેલ કરવામાં આવ્યું હતું.

તે ગુજરાતના દહેજ પીસીપીઆઈઆરના એન્કર ટેનન્ટ છે અને તેણે તેના ઉત્પાદનો ૫૦ થી વધુ દેશોમાં નિકાસ કર્યા છે.

OPaL મેગા પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ ૧.૫ મિલિયન ટન પોલિમર (૧,૧૦૦ કિલો ટન પ્રતિ વર્ષ (ktpa) ઈથિલિન, 400 ktpa પ્રોપીલીન, ૦.૫ મિલિયન ટન રસાયણો અને અન્ય ઘણા ઉત્પાદનો પાયરોલિસિસ ગેસોલિન હાઈડ્રોજનના સંકળાયેલ એકમો દ્વારા ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. એકમ, બ્યુટાડીન નિષ્કર્ષણ એકમ અને બેન્ઝીન નિષ્કર્ષણ એકમ પણ ધારાસવે છે..

ગેઈલે ૨૦૦૮માં OPaLમાં હિસ્સો ખરીદ્યો હતો, જે તે સમયે દહેજમાં મેગા પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સનું નિર્માણ કરી રહી હતી. પરંતુ આ પ્રોજેક્ટને ભારે ખર્ચ અને સમયનો સામનો કરવો પડ્યો અને ગેઈલે તેના ઈક્વિટી યોગદાનને મૂળ રૂપિયા ૯૯૬.૨૮ કરોડ સુધી મર્યાદિત કરવાનું નક્કી કર્યું.

જ્યારે આ પ્લાન્ટની કલ્પના કરવામાં આવી ત્યારે તેનો અંદાજિત ખર્ચ રૂ. ૧૨,૪૪૦ કરોડ હતો, તે ૨૦૧૭માં અંદાજે રૂ. ૩૦,૦૦૦ કરોડના ખર્ચે પૂર્ણ થયો હતો.

GAIL અને GSPC હવે નાણાકીય પુનર્ગઠન પછી OPaLમાં લગભગ ૫% હિસ્સો ધરાવશે.

આઓએનજીસીએ ઈક્વિટી અને વોરંટના રૂપમાં OPaLમાં આશરે રૂપિયા ૪,૪૦૦ કરોડનું રોકાણ કર્યું હતું. મહારત્ન પીએસયુ તરીકે, તેને સંયુક્ત સાહસોમાં માત્ર રૂપિયા ૫,૦૦૦ કરોડ સુધીનું રોકાણ કરવાની છૂટ છે.

OPaL ની સંચિત ખોટ ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ રૂપિયા ૧૩,૦૦૦.૩ કરોડ સુધી પહોંચી હતી.


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485


# US FDA ભારતીય ફાર્મા પ્લાન્ટ્સનું ઈન્સ્પેક્શન વધારશે

યુએસ ડ્રગ રેગ્યુલેટરી હવે ભારતમાં આવેલા ફાર્માસ્યૂટિકલ પ્લાન્ટ્સ માટે આગોતરી જાહેરાત કર્યા સિવાય ઈન્સ્પેક્શન ની કામગીરીમાં વધારો કરશે. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસ એફડી)ના કમિશનર રોબર્ટ કેલીફે જણાવ્યું હતું કે જાહેર થયેલું અને જાહેર નહીં થયેલા, બંને પ્રકારના ઈન્સ્પેક્શનનું મિશ્રણ મહત્ત્વનું છે. હવેથી અગાઉથી જાહેર નહીં કરેલા ઈન્સ્પેક્શન નું પ્રમાણ ઊંચું જોઈ શકાશે. આ પ્રકારના વધુ ઈન્સ્પેક્શન કરીને એવી સિસ્ટમ ઊભી કરવામાં આવશે કે જેથી કોઈ સરપ્રાઈઝ રહે નહીં.

કેલીફે વધુમાં જણાવ્યું હતું કે જેઓ ગુણવત્તા અને સમગ્રતા માટે પ્રતિબદ્ધતા દર્શાવશે તેમને યુ એસ એફડી રિવોર્ડ(પુરસ્કાર) માટે વિચારી રહી છે. મહામારી વખતે યુએસ એફડી તરફથી ભારતીય ફાર્મા પ્લાન્ટ્સની ઈન્સ્પેક્શન કામગીરીમાં ઘટાડો નોંધાયો હતો. જુલાઈમાં યુએસ હાઉસ પેનલ તરફથી એફડીએને વિદેશમાં ઈન્સ્પેક્શન ની કામગીરીની ચકાસણી સોંપવામાં આવી હતી. જેમાં તેણે રેગ્યુલેટરી એજન્સીની ભારત અને ચીન સ્થિત મેન્યુફેક્ચરિંગ સુવિધા લઈ પગલાં પર શંકા વ્યક્ત કરી હતી. ત્યારથી ભારતમાં એફડીએ તરફથી ઈન્સ્પેક્શન ની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળી છે.

ભારત યુએસ માટે દવાઓના ચાવીરૂપ સપ્લાય તરીકે જળવાય રહેશે તેવી અપેક્ષા પોતે રાખી રહ્યા હોવાનું કેલીફે જણાવ્યું હતું. ચીન પર વધુ પડતી નિર્ભરતા અંગે કેલીફ જણાવ્યું હતું કે કોઈપણ દેશે પોતાની જરૂરિયાત માટે દવા ઉત્પાદન માટે આત્મનિર્ભર હોવું અનિવાર્ય છે. ઈન્ડિયન ફાર્માસ્યૂટિકલ એલાયન્સ મુજબ ભારતમાં ટોચના ૨૫ ફાર્મા ઉત્પાદકો યુએસમાં વપરાતી કુલ દવાના ૪૦ ટકા હિસ્સાની નિકાસ કરે છે. એફડીએ કમિશનરના જણાવ્યા પ્રમાણે છેલ્લા કેટલાક વર્ષોથી તેની સાથે નજીકથી કામ કરી રહેલા ભારતીય કંપનીઓ હવે વૈશ્વિક સ્ટાન્ડર્ડ્સ ધરાવે છે.


Samir Lakhani +91 98985 90548
Rauf Vindhani +91 82001 20336
"We Believe in Pollution Free Environment"
Star Decontamination & Recycling
Authorised by Gujarat Pollution Control Board
One Stop Waste Solution
Deal in: Barrels, Drums, Tank, Containers, Carboys, Liners, Plastic Waste, Hazardous waste, Industrial waste, Spent Solvent, Waste Oils, Used Oils, E- Waste, Wooden Scrap, All Types of Recycled Waste.
Survey No: 606, Vasna Bujarg, Dandi Road, Dholka-Kheda Road, Kheda, Gujarat-387 411,
E-mail: stardecontamination@gmail.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

ECOSYSTEM RESOURCE MANAGEMENT PVT. LTD.
ECO CHEM SALES & SERVICES
ECO GROUP OF COMPANY
Mrs. Rekha Shah (Director)
+91 99279 34111
eco@ecoshripad.com
SERVICES :-
• Environment Audit • Effluent Treatment Chemical
• Environment Counsultancy : EIA / EC / CRZ / Forest Clearance / Permits
• Effluent Treatment Plant & Operation & Maintenance
• Environment Monitoring & Testing Laboratory (MoEf / NABL Approved)
• Turnkey Project - ETP / STP / WTP / RO
Head Office Address
Office Floor, Ashoka Pavilion - A, Opp Kapadiya Health Club, New Civil Char Rasta, Surat, Gujarat - 393001 Mo :- 84605-45050, 88660-69151
Branches Office
VAPI, Mo:- 94262-63805
DAHEJ, Mo :- 81600-92635

FAS FINCURE ADVISORY SERVICES
VIVEK GANDHI
9327111105
UNSECURED MACHINERY LOAN FROM GOVERMENT BANK
Term Loan Purchase of Plant and Machinery
❋ Term Loan Amount:-
Rs. 50 Lacs to Rs. 750 Lacs
❋ Rate of Interest:
8.00% p.a – 8.40% p.a (REPO Linked)
❋ Collateral Security :-
Family Owned Factory: Only 5% Fixed Deposit
Rented Factory: Only 15% Fixed Deposit
No Property required as collateral security
No CGTMSE Charges
❋ 100 % Loan Amount of Machine Quotation

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

SHIVAM INDUSTRIES
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
• Graphite Heat Exchanger
• Graphite Condenser
• Graphite Reboiler
• Graphite Falling Film Absorber
• Graphite Ejector
• Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019), Gujarat, India

Jayendrasinh K Parmar 9427059739
CEng Chartered Engineer
28, 29, 30, Parmeshwar Estate II,
Opp. HDFC Bank, Phase I, GIDC Estate,
Vatva, Ahmedabad- 382445, Gujarat
E-mail: jaypar2000@gmail.com.
SERVICES REGARDING CHARTERED ENGINEER CERTIFICATE FOR CHEMICAL PROJECT
★ PRODUCTION VS PLANT CAPACITY CERTIFICATE
★ ADEQUATE INSTALLED PLANT & MACHINERY CERTIFICATE.
★ EPCG SCHEME FOR DGFT (APPENDIX- 32A) .
★ ADVANCE LICENSE CERTIFICATE (APPENDIX- 32B / 11A).
★ CERTIFICATE REGARDING TECHNICAL MATTER OR ANY OTHER AS PERREQUIREMENT.
★ CERTIFIED THE PROJECT REPORT.

## તંત્રીલેખ

### આ વખતની પૂરની સ્થિતિએ લોકોના મનમાં ઉભી કરેલી શંકાઓનું સરકારે સમાધાન કરવું જોઈએ

નર્મદા નદીના પાણી અંકલેશ્વરમાં દીવા રોડ અને હાંસોટ રોડ પરની સોસાયટીઓમાં ઘૂસતા લોકો બેબાકળા બની ગયા. અચાનક આવેલ પાણીથી ભારે તારાજી સર્જાઈ. ખાસ કરીને લોકોના ઘરના ફર્નિચર, ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ બગાડી ગયા. લોકોની ગાડીઓ અને વાહનો કાટમાળની સ્થિતિમાં આવી ગયા. સ્થિતિ ખુબજ ખરાબ થઈ ગઈ. એક એક ઘરના નુકસાનનો અંદાજ ૧ થી ૧૦ લાખ રૂપિયા સુધીનો છે.

હવે તેમને બીજી ચિંતા સતાવી રહી છે. આ આવેલ પૂર એક સમયનું છે કે પછી કાયમી છે. કારણકે નર્મદા નદી ઉપર ભાડભૂત ખાતે બેરેજ બની રહ્યો છે. બેરેજની પાછળના ભાગમાં મીઠા પાણીનું સરોવર બનનાર છે. તેને માટે ભાડભૂતથી ગોલ્ડન બ્રિજ સુધી નદીના બંને કાંઠે પાળા બનાવવાના છે. જેથી બારેમાસ પાણી ભરેલું રહે અને સરોવરમાં માછીમારી થઈ શકે. બોટિંગ થઈ શકે.

આ પૂર આવ્યા પછી આવી ચર્ચા થઈ રહી છે કે સરોવર બન્યા પછી નદીમાં પાણી છોડવામાં આવશે તો બેરેજને લઈને પાણી રોકાશે. જેથી તેને વિશાલ પટમાં ફેલાશે. જે આસપાસના વિસ્તારોને અસર કરશે. આ વખતે સર્જાઈ તેવી પરિસ્થિતિ ફરી સર્જાઈ શકે છે. રેલ્વે કોરિડોર અને મુંબઈ દિલ્હી એક્સપ્રેસ વેને લઈને બનેલ ઉંચા પાળા પાણીના વહેણને રોકી શકે છે. જેને લઈને પરિસ્થિતિ વધારે ખરાબ થઈ શકે છે.આ બધા એવા જો અને તો છે કે જયારે પરિસ્થિતિ ઉભી થાય ત્યારે જ તેનો અંદાજ આવી શકે. અત્યારે લોકોના મનમાં એક શંકાનો કીડો પેસી જરૂર ગયો છે. સરકારે તેમની આ શંકાનું સમાધાન કરવું જોઈએ.

નીચાણવાળા વિસ્તારના મકાનોના ભાવ ઉપર પણ તેની વિપરીત અસર પડી શકે છે. લોકો હવે તે વિસ્તારમાં મકાન લેતા પહેલા પૂરના ફેક્ટરને પણ ધ્યાનમાં લેશે. એક આવી આશા બંધાઈ હતી કે અંકલેશ્વરના પશ્ચિમ ભાગમાં રેલવે કોરિડોર, બુલેટ ટ્રેન અને એક્સપ્રેસ વે પ્રોજેક્ટ અને ભાડભૂત બેરેજ આવતા તેનો ખુબ ઝડપથી વિકાસ થશે. જે વિકાસનું તે પહેલેથી હકદાર હતું. નવી બનેલ પરિસ્થિતિએ તેને એક વધુ નકારાત્મક ધક્કો માર્યો છે.

આમ તો અંકલેશ્વર શહેરમાંથી હાંસોટ રોડ ઉપર થઈ ભાડભૂત બેરેજ ઉપર થઈને દહેજ જવું ખુબજ આસાન બનનાર છે. જેથી લોકો તે બાજુ ઘર રાખવા માટે આકર્ષાશે. અંકલેશ્વરમાં પ્રદુષણમુક્ત આ વિસ્તાર વિકાસની રફતાર પકડી હતી.

સરકારે પાણીના નિકાલ માટે સારામાં સારી કેવી વ્યવસ્થા થઈ શકે તે બાબતમાં વિચારવું જોઈએ અને તેનો યુદ્ધના ધોરણે અમલ કરાવવો જોઈએ. તો આગામી વર્ષે આ વર્ષનું પુનરાવર્તન અટકાવી શકાય.

## ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં જો બહારના મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલીક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર નોંધે

અસામાજીક તત્વો વ્યવસાયિક જગ્યાઓએ નોકરી બહાના હેઠળ આશરો મેળવી સર્વે કરી બાદમાં જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર જનતાની સંપતીને નુકશાન પહોચાડવાની કોશીષ કરે છે અને સ્થાનીક પરીસ્થિતિથી માહિતગાર થઈને તેઓની અસામાજીક પ્રવૃતિઓની અંજામ આપતા હોય છે. આવા અસામાજીક તત્વો શહેરમાં તથા જીલ્લાના અલગ અલગ વિસ્તારોમાં રાજય બહારના મજુરો, કડીયાકામ, ઈંટોના ભઠ્ઠાના, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં, રસોઈયા, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો લારી ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારી મેળવતા હોય છે. આવા શંકાસ્પદ વ્યક્તિઓથી તંત્ર નિયમિત રીતે માહીતગાર થાય તેવા શુભ આશયથી તથા તેના ઉપર જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન આર ધાધલે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કર્યો છે કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં બહારના મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

આ હુકમનો અમલ તા.૨૬/૦૯/૨૦૨૩ થી દિન-૬૦ સુધી રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યુક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ કસુરવાર થશે તેમજ હુકમના ભંગ બદલ ફરિયાદ માંડવા હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

# હરિત ક્રાંતિ ભારતના ઈતિહાસનું સુવર્ણ પ્રકરણ

ભારતમાં હરિત ક્રાંતિના પ્રણેતા મનાતા એમ.એસ. સ્વામીનાથનના નિધન સાથે ભારતના ઈતિહાસના એક સુવર્ણયુગનો અંત આવી ગયો. નવી પેઢી માટે સ્વામીનાથનનું નામ અજાણ્યું છે તેથી તેમના યોગદાન વિશે યુવા પેઢીને બહુ ખબર નથી પણ ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે, આઝાદી પછી ભારતને એક મહાન રાષ્ટ્ર બનાવવાની દિશામાં બહુ મોટું યોગદાન આપનારા મહાનતમ લોકોમાં સ્વામીનાથન એક હતા.ભારત આજે અનાજના ઉત્પાદનમાં આત્મનિર્ભર છે. દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતો દેશ હોવા છતાં ભારતે અનાજ માટે દુનિયાન કોઈ દેશ પાસે ભીખ માગવી પડતી નથી. બલ્કે ભારત બીજા દેશોમાં નિકાસ કરી શકે એટલું અનાજ પાકે છે. આ બધું ૧૯૬૦ના દાયકામાં થયેલી હરિત ક્રાંતિના કારણે શક્ય બન્યું અને તેનું શ્રેય માનકોમ્બુ સંબાશિવન સ્વામીનાથનને જાય છે. સ્વામીનાથને અમેરિકન કૃષિશાસ્ત્રી નોર્મન બોર્લોગ સાથે મળીને ઘઉં અને ચોખાની મબલક પાક થાય એવી જાતો વિકસાવીને માત્ર ભારતની અનાજની સમસ્યા જ હલ ના કરી પણ દેશનાં તૂટી રહેલાં ગામડાંને પણ ફરી બેઠાં કરી દીધાં. સ્વામીનાથન અને બોર્લોગની હરિત ક્રાંતિ ભારતના અર્થતંત્રની સૌથી મોટી ક્રાંતિ છે.સ્વામીનાથનનું યોગદાન ભારતને અનાજ ઉત્પાદનમાં આત્મનિર્ભર કરવા પૂરતું મર્યાદિત નથી. સ્વામીનાથને બટાટાની નવી નવી જાતો વિકસાવવા માટે કરેલા સંશોધને આ દેશના કરોડો ખેડૂતોને તો ફાયદો કરાવ્યો જ પણ ભારતમાં ફૂડ પ્રોસેસિંગમાં પણ એક નવી દિશા ખોલી દીધી. આ તો બે મોટાં ક્ષેત્રોમાં તેમણે કરેલી કામગીરીની વાત કરી. બાકી સ્વામીનાથનના સંશોધનનો વ્યાપ એટલો મોટો છે કે, તેનો લાભ ભારતમાં ઘણાં બધાં કૃષિ ઉત્પાદનોને મળ્યો.સ્વામીનાથને નોર્મન બોર્લોગ સાથે મળીને કરેલી હરિત ક્રાંતિ ભારતના ઈતિહાસનું સુવર્ણ પ્રકરણ છે. ભારત મૂળ ખેતીપ્રધાન દેશ હતો પણ અંગ્રેજોએ પોતાના ફાયદા માટે ગળી, કપાસ વગેરેની ખેતી કરાવી તેમાં અનાજનું ઉત્પાદન ઘટ્યું. બીજી તરફ વસતી વધવા માંડી હતી તેથી આઝાદીનાં વરસો પછી ભારતમાં લોકોને બે ટંક ખાવાનું આપી શકાય એટલું અનાજ નહોતું પાકતું.ભારતે વિદેશથી ઘઉં, ચોખા વગેરે અનાજ મંગાવવું પડતું. તેના કારણે અપમાનજનક સ્થિતીમાં પણ મૂકાવું પડતું હતું. અમેરિકા સહિતના દેશો ભારત પર અહેસાન કરતા હોય એમ વધ્યુંઘટ્યું અનાજ આપી દેતા હતા. જવાહરલાલ નહેરૂએ આ સ્થિતી બદલવા ઈન્ડિયન એગ્રીકલ્ચરલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ સ્થાપીને રીસર્ચ શરૂ કરાવ્યું પણ ભારતમાં કૃષિ સંશોધન વિશે કોઈને ખબર જ નહોતી તેથી શરૂઆતનાં વરસોમાં કશું ના થયું.સ્વામીનાથન ૧૯૫૦ના દાયકામાં જ કૃષિશાસ્ત્રી તરીકે નામના મેળવી ચૂક્યા હતા. ૧૯૫૦માં યુનેસ્કોની ફેલોશિપ મેળવ્યા પછી વિદેશમાં સંશોધન કરીને પાછા ફરેલા સ્વામીનાથન ૧૯૫૪ના ઓક્ટોબરમાં ઈન્ડિયન એગ્રીકલ્ચરલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટમા જોડાયા પછી તેમણે ભારતને અનાજ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા કમર કસી. સ્વામીનાથન પોતાના સંશોધન કાળમાં વિશ્વવિખ્યાત અમેરિકન કૃષિશાસ્ત્રી નોર્મન બોર્લોગના સંશોધનથી બહુ પ્રભાવિત થયા હતા. બોર્લોગે પોતે વિકસાવેલી ઘઉંની નવી જાતોના આધારે મેક્સિકોને ઘઉંના ઉત્પાદનમાં આત્મનિર્ભર કરી દીધું હતું. બોર્લોગે મેક્સિકો સિવાય પણ દુનિયાના ઘણા દેશોમાં ઘઉ, ચોખા સહિતના અનાજનું ઉત્પાદન વધારવામાં મહત્વની ભૂમિકા ભજવેલી. બોર્લોગ પાસે પોતાના ઉપયોગ કરીને અબજોપતિ બની શક્યા હોત પણ તેના બદલે માનવજાતની સેવા કરવાનો ઉદ્દેશ અપનાવીને દુનિયાના ગરીબ દેશોને મદદ કરતા હતા. સ્વામીનાથનને લાગ્યું કે, ભારતની સમસ્યાનો ઉકેલ બોર્લોગ લાવી શકે તેમ છે તેથી સ્વામીનાથને બોર્લોગ ભારતમાં આવે એ માટે પ્રયત્ન શરૂ કર્યા. ૧૯૫૦ના દાયકાના અંતમાં બોર્લોગને ભારત બોલાવીને પહેલાં તેમને ભારત માટે કામ કરવા સંમત કર્યા. એ પછી જવાહરલાલ નહેરૂને સમજાવીને નોર્મન બોર્લોગને ભારત બોલાવ્યા.નહેરૂના આદેશથી કૃષિ મંત્રી સી. સુબ્રમણ્યમે ભારતમાં કૃષિ સંશોધન માટેની તમામ વ્યવસ્થા કરાવી. એ પછી બોરલોગ ૧૯૬૪માં ૧૦૦ કિલો બિયારણ સાથે ભારત આવ્યા અને સંશોધન શરૂ કર્યું. ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુધ્ધ વખતે આ સંશોધન પૂરજોશમાં ચાલતું હતું. બોર્લોગે આખા ભારતમાંથી માટીના નમૂના મંગાવીને ક્યા વિસ્તારમાં વધારે ઘઉં પાકી શકે એ નક્કી કર્યું. તેના આધારે ઘણાં રાજ્યોમાં વાવેતર કરાયું.સ્વામીનાથન અને બોરલોગ માટે એ સમય કપરો હતો કેમ કે કોઈ ખેડૂત નવા બિયારણને અપનાવવા તૈયાર નહોતો. માંડ માંડ સમજાવીને નવા બિયારણના પ્રયોગો થયો ને તેને એવી જોરદાર સફળતા મળી કે દેશની બહુ મોટી સમસ્યા હલ થઈ ગઈ. ૧૯૭૦નો દાયકો શરૂ થયો ત્યાં સુધીમાં તો ભારતમા હરિત ક્રાંતિ શરૂ થઈ ચૂકી હતી. ઘઉંના નવા બિયારણથી સૌથી વધારે પાક પંજાબ-હરિયાણામાં થયો હતો તેથી બોર્લોગે આ બે રાજ્યોમાં ઘઉંની ખેતી જ કરાવવા સૂચન કર્યું. તેનું પરિણામ નજર સામે છે. આજે હરિયાણા અને પંજાબ દેશમાં સૌથી સમૃધ્ધ રાજ્યો છે તેનો યશ આ હરિત ક્રાંતિને જાય છે. હરિત ક્રાંતિના કારણે ભારતમાં ખેતી ફાયદાકારક છે એ સાબિત થયું ને દેશના અર્થતંત્રને બહુ મોટો ફાયદો થયો. સ્વામીનાથને એ પછી સંશોધન તો ચાલુ જ રાખ્યું પણ કૃષિ અને ખેડૂતોની સ્થિતી સુધારવા પણ સતત પ્રયત્નશીલ રહ્યા. મનમોહનસિંહ સરકારે ૨૦૦૪માં બનાવેલા નેશનલ કમિશન ઓન ફાર્મિંગના અધ્યક્ષ તરીકે સ્વામીનાથન હતા તેમણે ઓક્ટોબર ૨૦૦૬માં રિપોર્ટ આપ્યો તેમાં ભલામણ હતી કે, ખેડૂતને પાકની ઉત્પાદન કિંમતથી ૫૦ ટકા વધારે રકમ મળવી જોઈએ.ખેડૂતોને સારી ગુણવત્તાનું બિયારણ ઓછા ભાવે મળે, ગામડાંમાં ખેડૂતોની મદદ માટે વિલેજ નોલેજ સેન્ટર બનાવાય, મહિલા ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડ બહાર પડાય, ખેડૂતો માટે કૃષિ જોખમ ફંડ ઉભું કરાય કે જેથી કુદરતી આફતના સમયે ખેડૂતોની મદદ કરી શકાય એવી ભલામણો પણ તેમણે કરી હતી. આ બધી ભલામણો ખેડૂતોને આધુનિક બનાવવા માટેની છે પણ તેનો અમલ ના થયો.હવે સ્વામીનાથ આપણી વચ્ચે નથી ત્યારે આ ભલામણોનો અમલ થશે તો એ તેમને અપાયેલી સાચી શ્રધ્ધાંજલિ હશે.સ્વામીનાથને ધાર્યું હોત તો ઉચ્ચ સરકારી અધિકારી બનીને જલસાની જીંદગી જીવી શક્યા હોત કેમ કે મૂળ તો એ આઈપીએસ તરીકે સીલેક્ટ થયા હતા. સ્વામીનાથને ઈન્ડિયન એગ્રીકલ્ચરલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં કામ કરતાં કરતાં ૧૯૫૦માં યુપીએસસીની પરીક્ષા પાસ કરી હતી અને આઈપીએસ ઓફિસર તરીકે તેમની પસંદગી થયેલી. એ જ વખતે તેમને નેધરલેન્ડ્સમાં કૃષિ સંશોધનમાં જીનેટિક્સ પર કામ કરવા માટે યુનેસ્કોની ફેલોશિપ મળી. સ્વામીનાથને પોલીસ અધિકારી કે પછી સંશોધન એ બેમાંથી એક કારકિર્દી પસંદ કરવાની હતી. તેમણે કૃષિમાં સંશોધનને મહત્વ આપ્યું ને પોલીસ અધિકારી બનવાનું માંડી વાળીને નેધરલેન્ડ્સ ઉપડી ગયા.સ્વામીનાથે કૃષિશાસ્ત્રી તરીકે નામના મેળવી પછી પણ તેમની પાસે વિદેશમાં કામ કરીને અબજો ડોલર કમાવવાનો વિકલ્પ હતો. સ્વામીનાથને નેધરલેન્ડ્સમાં રીસર્ચ પછી યુરોપ, યુકે અને અમેરિકામાં કામ કર્યું. ભારતમાં એ વખતે કૃષિ સંશોધન માટે સરખી લેબ પણ નહોતી તેથી સ્વામીનાથન માટે અહીં કરવા જેવું કશું નહોતું છતાં સ્વામીનાથન ૧૯૫૪માં ભારત પાછા આવ્યા. ભારત આવીને તેમણે શરૂઆતમાં એગ્રીકલ્ચરલ કોલેજમાં ભણાવવા જેવી સામાન્ય નોકરીઓ કરી. એ સમય સંઘર્ષનો હતો પણ સ્વામીનાથને હાર્યા વિના કામ કર્યા કર્યું અને સંશોધન ચાલુ રાખીને પોતાની એક જગા બનાવી.સ્વામીનાથને વિદેશનો મોહ અને નાણાંની લાલચ છોડીને પોતાના વતનની સેવા કરવાનું નક્કી કર્યું એ જોતાં સ્વામીનાથન દેશના યુવાનો માટે રોલ મોડલ છે.સ્વામીનાથને ખેડૂતોને માત્ર પાકના જ નહીં પણ પાકની બીજી બાય પ્રોડક્ટ્સથી પણ આર્થિક ફાયદો થાય એવો બાયોપાર્ક કન્સેપ્ટ આપીને મ્યાનમારની રાજધાની નાય પ્યી તોમાં આ મોડલ અમલી બનાવ્યું. ભારત સરકારના સહયોગથી બનેલા આ બાયોપાર્ક બન્યો છે.સ્વામીનાથનની ફોર્મ્યુલા અત્યંત સરળ છે. ખેડૂત અનાજ પકવે પછી તેની મુખ્ય કમાણી અનાજની જ હોય પણ એ સિવાય પાકને સંલગ્ન દરેક ચીજના ખેડૂતને પૈસા મળવા જોઈએ. ઠૂંઠાં, સાંઠા કે છેલ્લે નિકળતા કચરાના પણ પૈસા મળે તો ખેડૂતોને બમણો ફાયદો થાય. મ્યાનમારમાં ચોખા પુષ્કળ પ્રમાણમા પાકે છે.

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre,
Asian Paint Chowkdi, GIDC,
Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer:
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet

• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

# સરકાર ફાર્મા, સ્ટીલ, કેમિકલ્સ ક્ષેત્રો માટે RoDTEP યોજના હેઠળ નિકાસ લાભો વધારી શકે છે

મળતી માહિતી અનુસાર, સરકાર RoDTEP ( REMISSION OF DUTIES OR TAXES ON EXPORT PRODUCTS ) યોજના હેઠળ આયર્ન અને સ્ટીલ, કેમિકલ અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં નિકાસ લાભો ૩૦ સપ્ટેમ્બર પછી લંબાવવાની અપેક્ષા છે.

ડિસેમ્બર ૨૦૨૨ માં, સરકારે રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ અને આયર્ન અને સ્ટીલ ઉત્પાદનો માટે એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ (RoDTEP) યોજના પર ડ્યુટી અને ટેક્સની માફી હેઠળના લાભોને આ વર્ષે ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવી દીધા હતા.

નિકાસ કરતા ઉદ્યોગકારોની માંગ છે કે 'છેલ્લા કેટલાક મહિનાઓથી નિકાસ સારી રીતે ચાલી રહી ન હોવાથી, માર્ચ ૨૦૨૪ સુધી તેને લગભગ છ મહિના લંબાવવામાં આવે.' આ અંગે ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે.

આ ત્રણેય ક્ષેત્રો આ યોજનામાં મોડેથી ઉમેરાયા હતા. જેનો ઉદ્દેશ્ય કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્તરે ડ્યુટી, કર અને વસૂલાતને દૂર કરવાનો છે, જે નિકાસ માટે ઉત્પાદનોની કિંમતમાં ઉમેરાય છે.

આ યોજના મર્ચેન્ડાઈઝ એક્સપોર્ટ્સ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ (MEIS)નું રિપ્લેસમેન્ટ છે, જે ગયા વર્ષે સમાપ્ત થઈ હતી. હાલમાં, ૧૦,૩૪૨ થી વધુ નિકાસ વસ્તુઓને RoDTEP લાભો મળે છે.

પ્રોત્સાહનો ટ્રાન્સફરેબલ ડ્યુટી ક્રેડિટ સ્ક્રિપ્સના સ્વરૂપમાં ચૂકવવામાં આવે છે, જેનો ઉપયોગ નિકાસકારો આયાત ડ્યુટી ચૂકવવા અથવા બજારમાં વેચાણ કરવા માટે કરી શકે છે. જ્યારે RoDTEP યોજનાની ૨૦૨૦ ના અંતમાં પ્રથમ વખત જાહેરાત કરવામાં આવી હતી અને ઓગસ્ટ ૨૦૨૧ માં સૂચિત કરવામાં આવી હતી, ત્યારે આ ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. કારણ કે તેઓ પહેલેથી જ નિકાસ મોરચે સારું પ્રદર્શન કરી રહ્યા હતા.

ગયા વર્ષથી, રશિયા-યુક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપને કારણે દેશની નિકાસને વૈશ્વિક પ્રવાહોનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૨૨-૨૩માં ભારતની US$23.5 બિલિયનની નિકાસમાં ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ્સનો હિસ્સો ૫.૬૮ ટકા હતો.

ગયા વર્ષે, આયર્ન અને સ્ટીલ ઉત્પાદનોની નિકાસ US$9.7 બિલિયન અથવા કુલ વેપારી નિકાસના ૨.૧૭ ટકા હતી. છેલ્લા નાણાકીય વર્ષમાં નિકાસમાં રસાયણોનો હિસ્સો ૩.૩૩ ટકા અથવા US $14.9 બિલિયન હતો.

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-જુલાઈ દરમિયાન ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક રસાયણોની નિકાસ ૧૫.૧૭ ટકા ઘટીને US $9.1 બિલિયન થઈ છે. આયર્ન અને સ્ટીલની નિકાસ ૮.૮૧ ટકા વધીનu US $9.9 બિલિયન થઈ છે, જ્યારે દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સની નિકાસ ૩.૯૯ ટકા વધીને US$8.71 બિલિયન થઈ છે.

જોકે જુલાઈમાં ફાર્મા નિકાસમાં ઘટાડો થયો હતો. RoDTEP 2022-23માં રૂ. ૧૩,૦૨૦ કરોડના ખર્ચે US$ 450 બિલિયનની નિકાસને સમર્થન આપશે. જ્યારે ૨૦૨૧-૨૨માં, યોજનાએ US$ 421 બિલિયનની નિકાસમાં મદદ કરી અને ૧૨,૧૦૦ કરોડનો ખર્ચ કર્યો.

# ભારત નવા ઉપકરણોમાં HCFCsને ૨૦૨૪ના અંત સુધીમાં તબક્કાવાર રીતે સમાપ્ત કરશે

રેફ્રિજરેટર્સ અને એર કંડિશનરમાં સામાન્ય રીતે જોવા મળતા હાઈડ્રોક્લોરોફ્લોરોકાર્બન્સ (HCFC) જેવા ઓઝોનના પડને નુકસાન કરનારા પદાર્થોનો ઉપયોગ ઘટાડવા માટે ભારત નોંધપાત્ર પગલાં લઈ રહ્યું છે. આવતા વર્ષના અંત સુધીમાં, ભારત મોન્ટ્રીયલ પ્રોટોકોલ દ્વારા નિર્ધારિત પ્રવેગિત શેડ્યૂલને અનુરૂપ, નવા સાધનોના ઉત્પાદનમાં HCFCsનો ઉપયોગ તબક્કાવાર બંધ કરશે. આ પગલાથી ભારતને ૨૦૨૫ અને ૨૦૩૦ સુધીમાં HCFCsના નિયંત્રણ લક્ષ્યોને પૂરા કરવામાં મદદ મળશે, જે વિવિધ હેતુઓ માટે ઓઝોન-ક્ષીણ કરનારા પદાર્થો (ODS) ના ઉત્પાદન અને વપરાશને ધીમું કરવા માટે ૧૯૮૭ માં સ્થાપિત આંતરરાષ્ટ્રીય સંધિ મોન્ટ્રીયલ પ્રોટોકોલમાં દર્શાવેલ છે.

સૂર્ય દ્વારા ઉત્સર્જિત થતા હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (યુવી) કિરણોત્સર્ગથી ઓઝોન સ્તર આપણને બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ રક્ષણાત્મક સ્તર વિના, સૌર કિરણોત્સર્ગના સીધા સંપર્કમાં માનવ સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર થશે અને કૃષિ, વનસંવર્ધન અને દરિયાઈ ઈકોસિસ્ટમ પર નકારાત્મક અસર થશે. વધુમાં, આ તબક્કાવાર પ્રક્રિયાના પરિણામે ૨૦૩૦ પછી CO2 સમકક્ષ ઉત્સર્જનમાં ૧૯ મિલિયન ટન કરતાં વધુનો ચોખ્ખો ઘટાડો થશે.

મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યાની યાદમાં દર વર્ષે ૧૬ સપ્ટેમ્બરે વિશ્વ ઓઝોન દિવસ ઉજવવામાં આવે છે. ભારતે નિયંત્રિત હેતુઓ માટે ક્લોરોફ્લોરોકાર્બન, કાર્બન ટેટ્રાક્લોરાઇડ, હેલોન્સ, મિથાઈલ બ્રોમાઈડ અને મિથાઈલ ક્લોરોફોર્મ સહિત અનેક ઓઝોન-ક્ષીણ કરનારા પદાર્થોને સફળતાપૂર્વક દૂર કર્યા છે. હાલમાં HCFC ને તબક્કાવાર બહાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. જો કે, ઓઝોન-ક્ષીણ કરનારા પદાર્થોના નાબૂદીને કારણે રેફ્રિજરેશન અને એર કન્ડીશનીંગ સિસ્ટમ્સમાં વિકલ્પ તરીકે હાઇડ્રોફ્લોરોકાર્બન (HFCs) નો ઉપયોગ વધ્યો છે. જ્યારે એચએફસી ઓઝોન સ્તરને નુકસાન કરતું નથી, ત્યારે તેમની પાસે ઉચ્ચ ગ્લોબલ વોર્મિંગ સંભવિત છે. પરિણામે, ૨૦૧૬ માં, HFCs ને મોન્ટ્રીયલ પ્રોટોકોલ હેઠળ નિયંત્રિત પદાર્થોની સૂચિમાં ઉમેરવામાં આવ્યા હતા, જેના પરિણામે પ્રોટોકોલમાં કિગાલી સુધારો થયો હતો.

કિગાલી સુધારા અનુસાર, ભારત ૨૦૩૨ થી ચાર તબક્કામાં નિયંત્રિત હેતુઓ માટે HFCsના ઉત્પાદન અને વપરાશમાં ઉત્તરોત્તર ઘટાડો કરશે.

આ તબક્કાઓમાં ૨૦૩૨માં ૧૦%, ૨૦૩૭માં ૨૦%, ૨૦૪૨માં ૩૦% અને ૨૦૪૭માં ૮૫%ના સંચિત ઘટાડાનો સમાવેશ થશે. આ પહેલનો હેતુ HFC સાથે સંકળાયેલ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને અટકાવીને આબોહવા પરિવર્તનનો સામનો કરવાનો છે.

# અંકલેશ્વરના ગોડાઉનમાંથી ગેરકાયદેસર કેમિકલ ઝડપાયું

અંકલેશ્વર ખાતે આજકાલ ગોડાઉનમાંથી ગેરકાયદેસર માલ પકડવાની ઘટનાઓ વધી રહી છે. અંકલેશ્વર જીઆઈડીસીમાં પ્લોટ નંબર ૧૧૦૦૩ માં આવેલી વ્રજ વિશ્વા એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાંથી ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ(SOG) ની ટીમે ગેરકાયદે સોલ્વન્ટ અને ડાઈ ઈથાઈલ ગ્લાયકોલ (DEG ) કેમિકલ્સનો રૂપિયા ૫.૬૮ લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ભરૂચ SOG પી.એસ.આઈ.જે આર.એસ. ચાવડાએ ટીમ સાથે અંકલેશ્વર જીઆઈડીસીમાં દરોડો પાડ્યો હતો. જેમાં વ્રજ વિશ્વા એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાં તપાસ કરાઈ હતી. જેમાં આ ગેરકાયદેસર જથ્થો પકડાયો હતો.

જ્યાં ભૂરા રંગના ૨૦૦ લિટરના ૩૫૧ કારબા મળી આવ્યા હતા. સ્થળ પર હાજર મૂળ અમરેલી અને હાલ જીઆઈડીસીમાં રહેતા પ્રકાશ વલ્લભ ભાંડેરીને પૂછપરછ કરતા તેને સોલવન્ટ અને DEG કેમિકલ્સ હોવાનું જણાવ્યું હતું. આ અંગે આધાર પુરાવામાં તે ૨૦૯ ના બિલ જ રજૂ કરી શક્યા હતા. બાકીના ૧૪૨ બેરલ ગેરકાયદે હોઈ SOG એ ૨૮,૪૦૦ લીટર શંકાસ્પદ કેમિકલ્સ કિંમત રૂપિયા ૫.૬૮ લાખનો જથ્થો કબજે કર્યો હતો.

# ચીનની સ્પર્ધા છતાં ભારતનો કૃષિ કેમિકલ ઉદ્યોગ નવ ટકાનો વૃદ્ધિ દર નોંધાવી શકે છે : નીતિ આયોગ

નીતિ આયોગના સભ્ય રમેશ ચંદે જણાવ્યું હતું કે ચીનની સ્પર્ધા છતાં ભારતના કૃષિ-કેમિકલ ઉદ્યોગમાં વર્તમાન નવ ટકાથી વધુ વૃદ્ધિ કરવાની ક્ષમતા છે. તેમને બદલાતા ટ્રેન્ડ વિષે માહિતી અપાતા જણાવ્યું કે કે ઘણા પશ્ચિમી દેશો હવે એગ્રોકેમિકલ્સની જગ્યાએ બાયો-પેસ્ટીસાઇડ્સનો ઉપયોગ કરી રહ્યા છે અને ભારતીય ઉદ્યોગોએ આ પાસાને ધ્યાન આપવાની જરૂર છે.

તેમણે એગ્રો કેમિકલ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ACFI) ને કૃષિ રસાયણોના વેપારને સરળ બનાવવા માટે પ્રસ્તાવ લાવવા વિનંતી કરી. નીતિ આયોગના સભ્ય ચાંદે દિલ્હીમાં ACFIની છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભાની બાજુમાં ચર્ચા દરમિયાન આ વાત કહી.

તેમને વધુમાં જણાવ્યું હતું કે 'કૃષિ રસાયણ ઉદ્યોગે નવ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે.

આ મોટાભાગનો વિકાસ દર કોવિડ-૧૯ રોગચાળાના વર્ષો દરમિયાન હાંસલ કરવામાં આવ્યો હતો જ્યારે ઉત્પાદન પ્રવૃત્તિઓ પર ગંભીર અસર પડી હતી.'

ચાંદે જણાવ્યું હતું કે આર્થિક અને ઉત્પાદનમાં વિક્ષેપો હોવા છતાં, સ્થાનિક કૃષિ રસાયણ ઉદ્યોગે ૨૦૧૭-૧૮ અને ૨૦૨૨-૨૩ વચ્ચે પ્રભાવશાળી વૃદ્ધિ નોંધાવી હતી. તેમણે કહ્યું, 'આપણે આ વિકાસ દરને નવ ટકાથી વધુ સરળતાથી વધારી શકીએ છીએ.'

# ચીને સૌંદર્ય પ્રસાધનોમાં બેન્ઝીનની અશુદ્ધતા માટે મર્યાદા નક્કી કરી

ચીનની નેશનલ મેડિકલ પ્રોડક્ટ્સ એડમિનિસ્ટ્રેશન (NMPA)એ નોટિસ નંબર 41' જારી કરી છે. કોસ્મેટિક્સ માટે સુધારેલ પરીક્ષણ પદ્ધતિઓ જાહેર કરી છે. જેમાં ૧૪ નવી અને પાંચ અગાઉની છે. જેનાથી કોસ્મેટિક્સમાં કોસ્ટીકનું પ્રમાણ જાણી શકાશે. ચાઈનામાં કોસ્મેટિક્સમાં બૅન્ઝિન પ્રતિબંધિત છે. આમ છતાં ઉત્પાદિત પ્રોસેસમાં ઈમ્યુરીટી તરીકે બેન્ઝીન આવતું હોવાથી તેનું ટેસ્ટિંગ કરી પ્રમાણ જાણવું જરૂરી છે.

નોટિફિકેશનમાં 2 PPM સુધીની લિમિટ આપવામાં આવી છે. નવી લિમિટ એ USFDA ની લિમિટ જેટલી જ છે.

## મોબાઈલ/ સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન ખરીદ-વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર-વેચનાર વ્યક્તિના વિવિધ દસ્તાવેજો ચકાસી રજીસ્ટર નિભાવવા અંગે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી પ્રસિધ્ધ કરાયેલું જાહેરનામું

જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન આર ધાધલે તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામાં ધ્વારા જિલ્લામાં આવેલ તમામ મોબાઈલ/ સીમકાર્ડ ડીસ્ટ્રી બ્યુરટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઇલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઇલ ફોન ખરીદ-વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર-વેચનાર વ્યતક્તિનું માન્યમ ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વગેરે દસ્તાસવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઇલ ખરીદ-વેચાણ સંદર્ભમાં ખરીદ-વેચાણ કરનારના નામ સરનામાની માહિતીનું નિયત નમૂનામાં રજીસ્ટકર નિભાવવા હુકમ ફરમાવ્યો છે. આ જાહેરનામાની અમલવારી તા.૨૬-૦૯-૨૩થી દિન-૬૦ સુધી કરવાની રહેશે.

ઉકત જાહેરનામામાં દર્શાવ્યા મુજબ મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ અનુક્રમ નંબર, મોબાઇલ ફોનની વિગત/કંપની, IMEI નંબર, મોબાઇલ વેચનાર/ ખરીદનારના નામ, સરનામાની વિગત અને આઇ.ડી. પ્રુફની વિગત વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટબર નિભાવવાનું રહેશે.

તદ્ઉપરાંત, નવા/જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ અનુક્રમ નંબર, મોબાઇલ ફોનની વિગત/કંપની, IMEI નંબર, મોબાઇલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત અને આઇ.ડી. પ્રુફની વિગત વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટબર નિભાવવાનું રહેશે.

તેવી જ રીતે, નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ અનુક્રમ નંબર, સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ, સીમકાર્ડ નંબર, સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત, આઇ.ડી. પ્રુફની વિગત અને સીમકાર્ડ ખરીદનારની સહી વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટાર નિભાવવાનું રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિઓ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવ્યાં છે.

## હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, યુનિટ બિરલા કોપર, દહેજ દ્વારા પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ૫૦૦ નંગ કરિયાણા કીટનું વિતરણ




નર્મદા નદીમાં આવેલ વિનાશક પૂરના કારણે ઘણા વિસ્તારમાં પાણી ભરાવાથી તરાજી સર્જાયેલી છે, ત્યારે હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, યુનિટ બિરલા કોપર, દહેજ દહેજ દ્વારાસામાજિક ઉત્તરદાયિત્વ અંતર્ગત જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ તારીખ: ૨૩.૦૯.૨૦૨૩ ના રોજ ભરૂચ તાલુકાના શકુલ તીર્થ ગામના પૂર અસરગ્રસ્ત પરિવારોને જીવન જરૂરિયાત ઉપયોગી ખાદ્ય સામગ્રી (ઘઉં, ચોખા, દાળ, ખાદ્ય તેલ, બટાકા , કાંદા, મીઠું તથા મસાલા)ની ૫૦૦ નંગ કીટનો સહયોગ કરવામાં આવ્યો.

## પુર અસરગ્રસ્તની વહારે બિરલા ગ્રાસીમ - રાશન કીટની સહાય



ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વિલાયત દ્વારા જિલ્લા સમાહર્તાના સંકલન હેઠળ નર્મદા નદીમાં આવેલા ભયંકર પૂરના કારણે સર્જાયેલી વિપરીત પરિસ્થિતિમાં પુર અસરગ્રસ્તો માટે ૧૫ થી ૨૦ દિવસ સુધી ચાલી શકે તેવી ૭૦૦ સંપૂર્ણ રાશન કીટનું વિતરણ લોકોને કરવામાં આવ્યું. ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વિલાયત ની સી. એસ. આર. વિભાગ દ્વારા યુનિટ હેડ શ્રી આશિષ ગર્ગ સાહેબ , HR હેડકર્ણ મિસ્ત્રી , અને શૈલી મેડમ ના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, કાર્યક્રમનું સંચાલન હેમરાજ પટેલ, સ્નેહા મહેતા, રાઘવ પુરોહિત, વિજયજી, પ્રકાશભાઈ અધિકારી ગણ દ્વારા કરવામાં આવ્યું.

ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વિલાયત ઝજીઇ હેઠળ સમાજ માટે કુદરતી આફતો વેળાએ હંમેશા પડખે રહી સમાજ સેવા માટે ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવે છે જે ખરેખર સરાહનીય છે.

## રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા અસરગ્રસ્ત લોકોને ફૂડ પેકેટ તથા પીવાના પાણીનું વિતરણ



રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા અંકલેશ્વર તથા ભરૂચના પૂરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકોને ફૂડ પેકેટ તથા પીવાના પાણીનું વિતરણ કરાયું. જેમાં ૨૫૦૦ ફૂડ પેકેટ્સ તથા ૧૫૦૦ પીવાના પાણીની બોટલોનું વિતરણ કરવા પ્રેસિડેન્ટ ઘનશ્યામ ગજેરા, સેક્રેટરી પ્રતીક માવાણી, તથા અન્ય રોટરીયન મિત્રો હાજર રહ્યા હતા. આ વિતરણમાં અવિધા, ભાલોદ, તરસાલી, તોથીદરા, લીંબોદરા, કરડ તથા હાસોટના એપીએમસી જીન કમ્પાઉન્ડમાં આશરો અપાયેલા લોકોનો સમાવેશ થાય છે.

## રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા જૂની દિવી ખાતે પૂર અસરગ્રસ્તોને ઘરવખરી વિતરણ



નર્મદા નદીના પૂરને કારણે અસર પામેલ જૂની દિ વીના અસરગ્રસ્તોને રોટ રી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા ૧૦૦ રેશન કીટ સ્ટીલના વાસણો, કપડા, ચાદર તથા અન્ય ઘરવખરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. નીલકંઠ ગ્રુપ ઓફ કંપનીઝના સૌજન્યથી શ્રી વિપુલ ગજેરા દ્વારા આ સામગ્રીઓ આપ વામાં આવી હતી. જે પ્રસંગે સંસ્થાના પ્રમુખ ઘનશ્યામ ગજેરા સેક્રેટરી પ્રતીક માવાણી , બીપીન ઢોલરીયા, ગુરુ રાજ બિરાદર,ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી ઈશ્વર સજજન તથા મોહન જોશી તથા રોટેરિયન ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વરની સૂર્યા લાઈફસાયન્સનો કેમિકલ વેસ્ટનો ગેરકાયદેસર નિકાલ માટે મૅનેજિંગ ડાઈરેક્ટર સહીત ત્રણ સામે ગુનો દાખલ કરાયો






## વાપીના આકાશ ટ્રાન્સપોર્ટ દ્વારા અંકલેશ્વરની સૂર્ય લાઈફ સાયન્સનું કેમિકલ વેસ્ટ સગેવગે કરવાનું કૌભાંડ ઝડપાયું

પાનોલી નજીક ચાચા હોટલ પાસેથી ૯ મી સપ્ટેમ્બરે ભરૂચ એસ .ઓ.જી. દ્વારા શંકાસ્પદ હાલતમાં જે ટ્રક ઝડપી પાડવામાં આવી હતી. તે ટ્રકમાં શંકાસ્પદ કેમિકલ મળી આવતા ટ્રક અને મુદામાલ જપ્ત કરવામાં આવ્યા હતા. વધુ તપાસમાં આ ૯૨ ડ્રમ કેમિકલ વેસ્ટ પ્રવાહી અંકલેશ્વરની સૂર્યા લાઈફ સાયન્સનું હોવાનું બહાર આવ્યું હતું. જેમાં કંપનીના એમડી, પ્લાન્ટ હેડ, ટ્રાન્સપોર્ટ મલિક અને ડ્રાઈવરની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

એસ.ઓ.જી. પોલીસ ટીમ અંકલેશ્વર જી.આઈ.ડી.સી વિસ્તારમાં ૯ મી સપ્ટેમ્બરે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી આધારે ટ્રકનંબર GJ19-X-1609 માાંથી માનવજીવન અને જીવસૃષ્ટિને નુકસાનકારક કેમીકલ વેસ્ટ/એસીડીક વેસ્ટ ભરી કોઈક જગ્યાએ ખાલી કરવા જનાર હોઈ જે ચાચા હોટલ પાસે થી પકડી પાડેલ. તપાસ દરમિયાન સદર ટ્રકમાં ભરેલ કેમીકલ વેસ્ટ/ એસેડીક હેઝાર્ડસ વેસ્ટ અંકલેશ્વર GIDC માં આવેલ સૂર્યા લાઈફ સાયન્સ પ્રા.લિમિટેડ કંપનીમાંથી ભરેલ હોવાનું જણાઈ આવતા FSL તેમજ GPCB અધિકારી દ્વારા સેમ્પલ લેવડાવી ચકાસણી કરાવતા GPCB અધિકારીના પ્રાથમિક રિપોર્ટ મુજબ ટ્રકમાાં એસીડીક પ્રવાહી/ ગદાં પા ણી/હેઝાર્ડસ વેસ્ટ હોવાનું અને ટ્રકમાાં ભરેલ; બેરલમાાં રહેલ પ્રવાહી અને કંપનીના પ્લાન્ટ અને ટેક્રમાંથી લીધેલ સેમ્પલ સામ્રતા ધરાવતા હોવાનું જણાવેલ તેમજ વેસ્ટ નિકાલ બાબતે સંલગ્ન સંસ્થાની પરવાનગી ન મેળવી હોવાનું જણાતા સૂર્યા લાઈફ સાયન્સ પ્રા.લિમિટેડ ના મૅનેજિંગ ડિરેક્ટર સહિત ચાર આરોપીઓ વિરુદ્ધ SOG ભરૂચ દ્વારા પાનોલી પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો કલમ ૨૮૪,૩૩૬,૧૧૪ તથા પર્યાવરણ સરુક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ-૭,૮,૧૫ મુજબ ગુન્હો દાખલ કરાવવામાં આવેલ છે.વધુતપાસ પો.ઈન્સ. SOG ભરૂચનાઓ ચલાવી રહલે છે. આરોપી તરીકે (૧) મેનેજીંગ ડાઈરેક્ટર અરૂણભાઈ જોષી રહે- ૪૦૮૧૩, સિલ્વર પ્લાઝા સા૽સાયટી, જી.આઈ.ડી.સી.- અંકલેશ્વર જી.ભરૂચ (૨) કંપનીના પ્લાન્ટ હેડ રમેશચંદ્ર અમરનાથ દુબે રહે-પ્લોટનંબર -૬૬ ન્યૂ કોલોની ,જી.આઈ.ડી.સી અંકલેશ્વર જી.ભરૂચ (૩) ટ્રક ડ્રાઈવર નાગેન્દ્ર લખીચંદ યાદવ રહે- સુપ્રીમ કોમ્પ્લેક્સ પાર્કિંગ, તાપી હોટલ પાછળ, અંસાર માકેટ, તા.અંકલેશ્વર જી.ભરૂચ (૪) આકાશ ટ્રાન્સપોર્ટના મલિક રહે-વાપી

પોલીસ તપાસમાં એવું જાણવા મળ્યું છે કે આ કામના આરોપી આકાશ ટ્રાન્સપોર્ટના માલિક રહે- વાપી સૂર્યા લાઈફ સાયન્સ પ્રા.લી કંપનીના મેનેજમેન્ટ સાથે મળી કંપનીમાંથી ઉત્પાદિત થતા કે થતા કે નિકળતા કેમિકલ વેસ્ટ/ એસીડીક પ્રવાહી/હેઝાર્ડસ વેસ્ટના નિકાલ માટે ઉપરોક્ત કંપનીમાંથી ટ્રકમાાં બેરલમા ભરી ગેરકાયદેસર નિકાલ કરી કરી દેવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવતા હતા.

## લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા પૂર અસરગ્રસ્ત વિસ્તારમાં ફૂડ કીટનું વિતરણ







સરદાર સરોવર નર્મદા ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડતા અંકલેશ્વરના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની પરિસ્થિતિ ઉભી થઈ હતી. જેમાં ખાસ કરીને દિવા રોડ અને હાંસોટ રોડના વિસ્તારો અસરગ્રસ્ત થયા હતા.કેટલીક જગ્યાએ પ્રથમ માળથી પહોંચી શકાય તેટલા પાણી આવી ગયા હતા. આવી સ્થિતિમાં લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

ખાસ કરીને ખોરાક અને પાણીની ભારે તંગી ઉભી થઈ હતી. જેને ધ્યાનમાં રાખીને લઘુ ઉદ્યોગ ભરતી-ભરૂચ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં ફૂડપેકેટ તૈયાર કરીને લોકોને આપીને સહાય કરી હતી. લઘુ ઉદ્યોગ ભરતી દ્વારા ભરૂચી નાકા, દિવા રોડ, હરિપુરા,સક્કરપોર, નવા બોરભાઠા તેમજ માંડવા ખાતે ફૂડ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

લઘુ ઉદ્યોગ ભરતી અગાઉ પણ કુદરતી આફતો વખતે લોકોને મદદ કરવામાં હંમેશા અગ્રેસર રહી છે.

આ માટે લઘુ ઉદ્યોગ ભારતી ભરૂચના પ્રમુખ કમલેશ ગામી અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ ઓલ ઈન્ડિયા લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ અધ્યક્ષ તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડોદરા વિભાગના સંઘચાલક - બળદેવભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પ્રેરિત શ્રી રેવા સેવા સમન્વય સમિતિ દ્વારા પણ ફૂડ પેકેટ અને પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

T.R. ASSOCIATES
Environmental Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/ SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
C-605 A, Ganesh Mardian, S.G. Highway, Ahmedabad

1. Consultancy Service for Environment Clearance, Consent to Establish, Consent to Operate, Product mix NOC & Rule-9.
2. Competent Person Services Form No. 9, 10, 11.
3. Building Stability Certification, Chartered Engg. Certification.
4. Consultancy Service for Fire NOC
5. Safety Audit, On Site, Off Site & Hazop Study.
6. Permission for Borwell from CGWA
7. Consultancy Service for GIDC Work
8. Consultancy Service for Solvent & Explosive License
9. Consultancy Service for Factory act related work
Shailesh Chaudhari +91 957 410 0078
Ansh Consultancy
Legal Consultancy Services
Office Address: SF-51, Omkar-2 Complex, Station Road, Ankleshwar- 393 002, Dist: Bharuch, State: Gujarat INDIA
Email: anshconsultancy17@gmail.com

Visa
Forex
Passport
Apostille & Attested
PS travels
GSTIN: 24AHZPS5467P2ZZ
TAAPI
Mob: +91 98251 26358 E-mail: pstravels1@gmail.com
G-31, Lake View Plaza, Opp. Shalimar Hotel, Beside Interwood, Near Gorbandh Place, GIDC, Ankleshwar-393 002, Dist: Bharuch (Gujarat)

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002 | Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002